# અસ્વીકૃત લોકોમાં મિશનેરીઓ મોકલો


બાળકોને શિખવાનારે સ્ટડી વાંચવો.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, તમારી મહાન આજ્ઞાને આધિન થવા અને ખ્રિસ્તની સુવાર્તા હજુ ગઈ નથી તેવા વિસ્તારોમાં કાર્યકરો મોકલવા માટે અમારી સહાય કરો.

**૧. અસ્વીકૃત લોકોના ક્ષેત્રોમાં ખ્રિસ્તની સુવાર્તાની ચળવળ શરૂ કરવા અને નવા ટોળા વિસ્તારવા તૈયારી કરો.**

**નોંધ :** યરૂશાલેમ, જોપ્પા, અંત્યોખ, રોમ, એફેસસ, ક્લોસે અને નવા કરારના શહેરોની અન્ય મંડળીઓ બીજા સ્થળોએ કાર્ય કરવા માટે મિશનેરીઓ મોકલતી હતી.

**પ્રે.૧:૮ માં** પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને ચાર સ્થળોએ જઈને સાક્ષી બનવાનું કહ્યું છે. **યરૂશાલેમ**- જે તમારી જાતિ, સંસ્કૃતિ, સમાજ અને ભાષાના લોકો દર્શાવે છે. **યહુદા**- જે તમારી નજીકના વિસ્તારની પણ તે જ સંસ્કૃતિના લોકોમાંની અસ્વીકૃત જાતિઓ દર્શાવે છે. **સમરૂન**- જે નજીકની અન્ય સાંસ્કૃતિક જાતિઓ દર્શાવે છે અને **જગતના છેડા સુધી** જે દુર દુરના જુદી જુદી સંસ્કૃતિના લોકો દર્શાવે છે.



**પ્રેકૃ.૧૩ : ૧-૩** માં અંત્યોખની મંડળીએ પાઉલ અને બાર્નાબાસને મોકલવા માટે શું કહ્યું.

**પ્રે. ૧૩ અને ૧૪** અધ્યાયો વાંચો અને પાઉલ અને બાર્નાબાસે તેમની મુસાફરી દરમ્યાન નવી મંડળીઓ શરૂ કરવા જે જે કર્યું તે નોંધો.

**પ્રે.૧૪:૨૬-૨૮** વાંચો. પાઉલ અને બાર્નાબાસે તેમને મોકલનાર અંત્યોખની મંડળીમાં પાછા ફર્યા કે તરત શું કર્યું.

**લુ.૨૪:૪૬-૪૮** આપણે સુવાર્તાનું કાર્ય કરવા શું શું કરવું જોઈએ તમે જેમને કામ કરવા મોકલો તેમનામાં નીચે જણાવેલ ચાર પ્રકારની લાયકાત જોઈશે.

### મિશનેરીઓએ જાણવાજોગ ચાર લાયકાતો

**લાયકાત-૧** જે સંસ્કૃતિમાં જાવ તેનો સ્વીકાર કરો.

- એવો આગ્રહ ન રાખો કે નવા વિશ્વાસીઓ તમારા સમાજની રૂઢિઓ મુજબ ભજન અને સુવાર્તાની પ્રવૃતિઓ કરે.
- સાંસ્કૃતિક તફાવતોને માન આપો. ખ્રિસ્ત અને તેના પ્રેરિતોની આજ્ઞાઓ પાળવા સિવાયની નવી માંગણીઓ ન મૂકો.
- કાર્યકરોએ તેમની ભાષા શિખવી.
- નવા વિશ્વાસીઓ અનુસરી શકે અને બીજાઓને પોતે પણ નમૂનો આપી શકે તેવી જ પદ્ધતિઓ અપનાવો.
- નવી મંડળીના નવા કાર્યકરો પાસે જે પ્રાપ્ય હોય તેવા સાધનો વાપરો.
- નવા લોકો સાથે લાગણીથી બંધાઓ. તેમને પ્રેમ કરો. તેમનામાં મિત્રો કરો.

**લાયકાત-૨** સુવાર્તાપ્રચારની એવી રીત અપનાવો કે જેથી સુવાર્તા ઘેર ઘેર અને મિત્રો મિત્રો સુધી વહેતી થાય. પ્રભુ ઈસુના મરણ અને પુનરૂત્થાનની વાર્તા એવી રીતે કહો કે નવા વિશ્વાસીઓ પાતોના મિત્રોને તે કહે. નવા વિશ્વાસીઓને પ્રાપ્ત કરવા કે વાપરવા મુશ્કેલ સાધનો ન વાપરો. (સિવાય કે ખાસ પ્રસંગોએ વાપરવા પડે)

**લાયકાત-૩** નવા વિશ્વાસીઓમાંથી ખ્રિસ્તની આજ્ઞાઓ પાળવાનું શિક્ષણ આપીને શિષ્યો બનાવો. પાયાની આજ્ઞાઓ-પસ્તાવો કરવો, વિશ્વાસ કરવો બાપ્તિસ્મા લેવું, પ્રભુની મેજ પાળવી, દેવ અને માણસો પર સચ્ચાઈથી પ્રેમ કરવો, પ્રાર્થનામાં લાગુ રહેવુ. દાનસેવા કરવી અને નવા શિષ્યો બનાવવા, એ છે

**લાયકાત-૪** નવી મંડળીએ અપનાવવી જોઈતી નવા કરારની લાયકાતો મુજબની પ્રવૃતિઓ શીખો.

- બીજાઓને ખ્રિસ્ત વિષે કહો. અને પશ્ચાતાપી વિશ્વાસીઓને બાપ્તિસ્મા આપો. લુ.૨૪ઃ૪૬-૪૮ પ્રે. ૨ઃ૩૮
- નવા શિષ્યોને ઈસુની આજ્ઞાઓ પાળવાનું શિખવો. માત. ૨૮ઃ૧૮-૨૦
- એક શરીર તરીકે ભજન કરો અન પ્રભુની મેજ પાળો. માત. ૨૬ઃ૧૬-૨૮
- પ્રાર્થનામાં લાગુ રહો, મધ્યસ્થી કરો, આત્મામાં યુધ્ધ કરો. કુટુંબો પ્રાર્થના કરે. એફે. ૬ઃ૧૦-૧૮
- પ્રેમ ભરી સંગતો સ્થાપિત કરો અને જરૂરિયાતવાળાઓને વ્યવહારિક રીતે મદદરૂપ થાઓ. યો.૧૩ઃ૩૪
- પ્રભુને આપો અને ખ્રિસ્તી કારભારીપણું નિભાવો. લુ. ૬ઃ૩૮
- એકબીજાની અને તેમના સમાજવર્તુળની સેવા કરવાનું વિશ્વાસીઓને શિખવો. એફે.૪ઃ૧૧
- કુટુંબ વ્યવસ્થાને મજબુત બનાવો. સમસ્યાઓમાં સહાય કરો અને ઠોકરરૂપ વ્યક્તિઓને સુધારો. ૨ તિ.૩ઃ૧૬,૧૭
- વિવિધ આત્મિક દાનો વડે વિશ્વાસીઓને એકબીજાને સેવા કરવા માટે સંગઠિત કરો. ૧ કો.૧૨
- અસ્વીકૃત લોકોમાં જઈને મંડળીઓ અને ગ્રુપો શરૂ કરો. પ્રે.૧ઃ૮
- આગેવાનોને એવી રીતે તાલિમબદ્ધ કરો કે તેઓ નવા આગેવાનોને તાલિમ આપનારા બની શકે .૨ તિ ૨ઃ૨

**૨. અસ્વીકૃત લોકો મધ્યે કાર્યકરો મોકલવા માટે સાથીદારો સાથે આયોજન કરો.**

આ અગત્યની પ્રવૃતિઓ કરવા માટે કેટલાક અઠવાડીયાઓ પણ જોઈએ.

- કઈ લોકજાતિમાં મંડળીઓ જરૂરી છે કે તે વધે અને જ્યાં તમારા કાર્યકરો જઈ શકે.
- તમારી મંડળી કાર્યકરોને મોકલવા નક્કી કરે તે અસ્વીકૃત જાતિ માટે પ્રાર્થના કરો.
- જે વિશ્વાસીઓ નકારાયેલા ક્ષેત્રોમાં જવા રાજી છે તેમનો સંપર્ક કરો્ ને તેમને તૈયાર કરો. જે લાયકાતો જરૂરી છે તે તાકીદના ધોરણે તેઓ શરૂ કરી શકે માટે તેમની મદદ કરો. (લાયકાતો ઉપર બતાવેલી છે. )
- જે વિશ્વાસીઓએ નકારાએલા ક્ષેત્રોમાં કાર્યકરો મોકલવામાં રસ બતાવ્યો છે તેમને મળો અને તમે કાર્યકરોને તૈયાર કરીને મોકલો તેમાં તેમની મદદ મેળવો.
- કાર્યકરોને ક્યાંથી સહાય મળશે, તમારી મંડળી તરફથી કે અન્ય મંડળી તરફથી અથવા આકુલા,પ્રિસ્કીલા અને પાઉલ જેવા નવા કરારના સેવકોની જેમ તેઓ સ્વપોષિત રહેશે તે જાણીને તેપ્રમાણે આયોજન કરો.
- તમે મોકલેલા મિશનેરીઓ અને તેઓ જે જાતિઓ મધ્યે ગયેલા છે તેઓ માટે દર અઠવાડીયે નિયમિત પ્રાર્થનાનું આયોજન કરો.
- મિશનેરીઓના કામનો રિપોર્ટ અનેપ્રગતિ તેમજ સમસ્યાઓની માહિતી મંડળીને નિયમિત મળે તેનું ધ્યાન રાખો.

- અન્ય મંડળીઓના પાળકોને પણ પ્રોત્સાહન આપો કે તેઓ અસ્વીકૃત જાતિઓમાં મિશનેરી ઓ મોકલે.
- આવા મિશનેરીઓ મોકલવાની બાબતમાં તમારા વિસ્તારની અન્ય મંડળીઓ સાથે સહકાર સાધો.

**૩ આગામી ભજનસેવાનું સાથીદારો સાથે આયોજન કરો.**

સમજાવો કે અંત્યોખની મંડળીએ કેવી રીતે પાઉલ અને બાર્નાબાસને મોકલ્યા અને તેમણે કેવી રીતે શિષ્યો બનાવ્યા.

મિશનેરીઓને તૈયાર કરવાની અને મોકલવાની યોજનાઓ મંડળીના લોકોને સમજાવો.

જે વિશ્વાસીઓ મિશનેરી તરીકે જશે તેઓને જરૂરી લાયકાતો વિષે પૂરી માહિતી આપો.

જે કાર્યકરોએ અન્ય સ્થળોમાં મિશનેરી કાર્ય કર્યું હોય તેઓ તે વિષે માહિતી આપે.

બાળકોએ જે તૈયાર ક્યુંહોય તે તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજની** સેવા માટે યિર્મ.૩૧:૩૧-૩૪ વાંચો. પ્રબોધકે નવા કરારની આગાહી કરી જે પ્રભુ ઈસુના લોહી પર આધારિત હતો. આપણે રોટલી ભાંગતી વખતે તેનું સ્મરણ કરીએ છીએ.

બે કે ત્રણના ગ્રુપમાં વિશ્વાસીઓ પ્રાર્થના કરે, યોજનાોની ચર્ચા કરે કે કેવી રીતે મિશનેરીઓ મોકલી શકાય.

માત્થી ૨૮ :૧૯-૨૦ **મુખપાઠ કરો.**

**અસ્વીકૃત લોક જાતિઓ**

તમારાથી પાસે અને દૂરના સ્થળોએ જાતિઓ, સમૂહો શહેરો અને વિસ્તારો છે કે જેઓ પાસે પૂરતા ચર્ચો કે ખ્રિસ્તીઓ તેમના સમાજ મધ્યે સુવાર્તા લઈ જઈ શકે તેટલા પ્રમાણમાં નથી. જે થોડા વિશ્વાસીઓ તેમની મધ્યમાં છે તેઓ પ્રાર્થના કરે છે કે તે જાતિઓ મધ્યે તમારા જેવા મદદગારો તેમને સુવાર્તા આપવા માટે અને નવી મંડળીઓ સ્થાપવા અને વિસ્તારવા માટે આવે.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.